# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-04-2024** **Evening : 7.10 to 7.20**
**Day  : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

- કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ દેશમાં ફુગાવા અને બેરોજગારીની સમસ્યા માટે વર્તમાન ભાજપ સરકારની નીતિ જવાબદાર હોવાનો આક્ષેપ કર્યો છે.
- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ડાંગમાં ચૂંટણી સભામાં કહ્યું કે, મોદી સરકાર ગરીબ લોકોના કલ્યાણ માટે સતત કામ કરી રહી છે
- લોકસભાની ચૂંટણીમાં વધુ મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અનેક પ્રયાસો કરાઈ રહ્યા છે.
- ભારતીય તટરક્ષક દળે ગુજરાત નજીકના દરિયાઈ વિસ્તારમાંથી ભારતીય બોટમાં લઈ જવાતો કેફી પદાર્થોનો 173 કિલો જથ્થો  ઝડપી પાડ્યો
- નેશનલ ટેસ્ટીંગ એજન્સીએ રાષ્ટ્રીય પાત્રતા પરીક્ષા એટલે કે UGC નેટ પરીક્ષાની તારીખમાં ફેરફાર કર્યો છે.
- હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ દરમિયાન સૌરાષ્ટ્રમાં ખાસ કરીને પોરબંદર, ભાવનગર અને દીવમાં ગરમીનું તીવ્ર મોજું ફરી વળવાની આગાહી કરી છે..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CAMPAIGN

રાજ્યની 25 લોકસભા બેઠકો માટે આગામી સાતમી મેના રોજ ચૂંટણી યોજાનારી છે ત્યારે તમામ રાજકીય પક્ષઓના ટોચના નેતાઓ જોરશોરથી પ્રચાર કરી મતદારોને પોતાની તરફ આકર્ષવા પ્રયત્નો કરી રહ્યાં છે..

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ દેશમાં ફુગાવા અને બેરોજગારીની સમસ્યા માટે વર્તમાન ભાજપ સરકારની નીતિ જવાબદાર હોવાનો આક્ષેપ કર્યો છે. આજે ગુજરાતના પાટણમાં ચૂંટણી રેલીને સંબોધતા તેમણે કહ્યું કે એનડીએ સરકારે કોર્પોરેટ જગતના બાકી ધિરાણને માફ કર્યું છે. અને તેના લીધે ખેડૂતો અને નાના શ્રમિકોને અન્યાય થયો છે.

(ઓડિયો રાહુલ ગાંધી)

ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ સી.આર.પાટીલ પણ પોતાના પક્ષના ઉમેદવારોના સમર્થનમાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે.

# CM

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આજે ડાંગના આહવામાં યોજાયેલી ચૂંટણી સભામાં કહ્યું હતું કે, મોદી સરકારે ગરીબ લોકોના કલ્યાણ માટે કાર્ય કર્યું છે. ગરીબોને પાકા મકાન, ગેસ સિલિન્ડર, આયુષમાન કાર્ડ, નલ સે જલ સહિતની યોજનાઓનો લાભ આપ્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જમીન સ્વાસ્થ અને આપણા સ્વાસ્થને સુધારવા પ્રાકૃતિક ખેતી કરવી જરૂરી છે અને ડાંગ જિલ્લો સમગ્ર દેશમાં પ્રાકૃતિક ખેતીમાં પ્રથમ સ્થાને છે.

(ઓડિયો સી.એમ.)

આ પ્રસંગે કુંવરજી હળપતિ, કનુભાઈ દેસાઈ, વલસાડના ઉમેદવાર ધવલભાઈ પટેલ સહિત જિલ્લા ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# postal ballot

લોકસભાની ચૂંટણીમાં વધુ મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અનેક પ્રયાસો કરાઈ રહ્યા છે.

ભાવનગર જિલ્લામાં આજે એક હજાર, 133 જેટલા વરિષ્ઠ અને દિવ્યાંગ મતદારોએ ઘરે બેઠા પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું.

તાપી જિલ્લામાં આજે 267 વરિષ્ઠ અને 40 દિવ્યાંગ મતદારો મળી કુલ 307 મતદારોએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું.

છોટાઉદેપુર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ નાંદોદમાં 22 દિવ્યાંગ અને 52 વરિષ્ઠ મતદારોએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું.

તો મહીસાગર જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયામાં રોકાયેલા કુલ સાત હજાર, 13 કર્મચારીઓ પોસ્ટલ બેલેટથી મતદાન કરશે.

આ ઉપરાંત બોટાદ અને ગઢડા વિધાનસભા મત વિસ્તારમાં સમાવિષ્ટ ૨૩૬ વરિષ્ઠ અને દિવ્યાંગ મતદારોને ઘરે બેઠા મતદાન કર્યું

આણંદ જિલ્લામાં ૩૭૮ જેટલા દિવ્યાંગ અને વરિષ્ઠ મતદારોએ ઘેર બેઠા મતદાન કરવાનો અધિકાર મળવાથી મતદાન કર્યું છે.

# MATDAR JAGRUTI OVER ALL

ગુજરાતની લોકસભાની ચૂંટણીમાં વધુને વધુ મતદારો મતદાન કરે તે આશય સાથે મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાઇ રહ્યાં છે. જે અંતર્ગત ભાવનગરના તળાજામાં મતદાન કરો અને તળાજાના એક વેપારી તરફથી વિનામૂલ્યે પાણીપુરી તેમજ એક સાથે એક પ્રોડક્ટ ફ્રી મેળવો તેની જાહેરાત દ્વારા મતદાનને પ્રોત્સોહન આપવામાં આવી રહ્યું છે.

આ સાથે મતદાનના દિવસે મતદાન કર્યા બાદ આંગળી ઉપર નિશાની રજૂ કરનાર વ્યક્તિને એક તેલના ડબ્બા ઉપર 20 ટકાનું ડિસ્કાઉન્ટ ભાવનગરના ખાદ્યતેલના હોલસેલ વેપારીઓ દ્વારા અપાશે. તો વિવિધ હોટેલો અને મોલ દ્વારા પણ પાંચથી સાત ટકા સુધીનું ડિસ્કાઉન્ટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવશે.

એવી જ રીતે મહીસાગર જિલ્લાના. લુણાવાડા ખાતે લોકગાયક જગદીશ બારોટ અને તેમના ગ્રુપ દ્વારા ભવાઈના માધ્યમથી મતદાન જાગૃતિનો સંદેશ અપાયો હતો.

ગાંધીનગરના મોટા ઈસનપુરની પ્રાથમિક શાળા ખાતે સખી મંડળની બહેનો દ્વારા સુત્રોચ્ચાર સાથે ગરબાના તાલે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.. વડોદરા જિલ્લામાં તમામ વિધાનસભા મત વિસ્તારની શાળાઓમાં શિક્ષકોઓ સહી ઝુંબેશ ચલાવીને મતદાન જાગૃતિનો સંદેશો ફેલાવવામાં આવી રહ્યો છે.

ગીરસોમનાથ જિલ્લાના ઇણાજ ખાતે જિલ્લા કલેક્ટરે ઉદ્યોગ ગૃહોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજીને મતદાનના દિવસે કારીગરને રજા આપવા અનુરોધ કર્યો હતો. આ બેઠકમાં ઉપસ્થિત ઉદ્યોગ ગૃહોના પ્રતિનિધિઓએ તેમના ઉદ્યોગમાં મતદાન જાગૃતિ વિશે કરાયેલા પ્રયત્નોની વિગતો આપી હતી.

કચ્છ જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ઉપર ગરબા સંધ્યા, રંગોળી અને મહિલા મતદારોની મિટિંગ જેવા વિવિધ કાર્યક્રમોના માધ્યમથી આજે મતદાન જાગૃતિનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો.

નવસારી જિલ્લાના કૃષ્ણપુર ગામે મતદાન જાગૃતિને કાર્યક્રમ યોજાયો. જેમાં મહિલાઓને અવશ્ય મતદાનના શપથ લેવડાવાયા હતા.

પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકો અને જિલ્લાના નિવૃત્ત શિક્ષકો દ્વારા મતદાન રેલીનું આયોજન કરાયું હતું. આ રેલી તેલંગ સ્કૂલ કેમ્પસ ગોધરાથી શરૂ થઈ. સિવિલ હોસ્પિટલ, ચર્ચ, રામસાગર તળાવ થઈ પરત ફરી હતી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર માટે આપ આકાશવાણી અમદાવાદના x હેન્ડલને ફૉલો કરી શકો છો, અને અમારી Yotube ચેનલ પર આપના પ્રતિભાવો પણ આપી શકો છો.

# DRUGS SEIZED

ભારતીય તટરક્ષક દળે સતત બીજા દિવસે કરેલી સફળ કામગીરીમાં ગુજરાત નજીકના દરિયાઈ વિસ્તારમાંથી ભારતીય બોટમાં લઈ જવાતો કેફી પદાર્થોનો 173 કિલો જથ્થો પકડાયો છે. તટરક્ષક દળના જવાનોએ બે વ્યક્તિઓની ધરપકડ પણ કરી છે.

ઉલ્લેખનીય છે કે, એક દિવસ પહેલાં જ ભારતીય તટરક્ષક દળ અને ગુજરાતના ત્રાસવાદી વિરોધી દળે – એટીએસે મોટા પ્રમાણમાં કેફી પદાર્થ લઈ જતી પાકિસ્તાની નૌકાને પકડી પાડી હતી. તપાસ સંસ્થાઓએ વધુ તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, ભારતીય તટરક્ષક દ્વારા કેફી પદાર્થો લઈ જતી બોટ ઝડપી પાડવાનું છેલ્લાં ત્રણ વર્ષમાં હાથ ધરાયેલી આ ત્રીજી કાર્યવાહી છે.

# UGC-NET-POSTPONED

નેશનલ ટેસ્ટીંગ એજન્સીએ રાષ્ટ્રીય પાત્રતા પરીક્ષા એટલેકે UGC નેટ પરીક્ષાની તારીખમાં ફેરફાર કર્યો છે.

આ પરીક્ષા હવે આગામી 16 જૂનના બદલે 18મી જૂને યોજાશે. UGC ચેરમેન જગદીશ કુમારે સોશિયલ મીડિયા પર વધુમાં જણાવ્યું હતું કે પરીક્ષાર્થીઓના પ્રતિભાવોના આધારે પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવાયો છે. NTA દ્વારા સમગ્ર દેશમાં OMR પદ્ધતિથી UGC – NET એક જ દિવસે લેવાશે.

# Temperature

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ દરમિયાન સૌરાષ્ટ્રમાં ખાસ કરીને પોરબંદર, ભાવનગર અને દીવમાં ગરમીનું તીવ્ર મોજું ફરી વળવાની આગાહી કરી છે. દરમિયાન રાજ્યમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ઘણા વિસ્તારોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં એકથી ચાર ડિગ્રી વધુ જ્યારે કચ્છ અને ઉત્તર ગુજરાતમાં ઘણા સ્થળોએ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં એકથી બે ડિગ્રી ઓછું નોંધાયું છે.

સૌથી વધુ 41 ડિગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન કંડલા એરપોર્ટ, અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર, મહુવા, કેશોદ, અમદાવાદ, અને વડોદરામાં નોંધાયું છે. આ ઉપરાંત ભુજ, ગાંધીનગર અને સુરતમાં 40 ડિગ્રી, ભાવનગર, પોરબંદર અને ડિસામાં 39 ડિગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન નોંધાયું છે.

વેરાવળમાં સામાન્ય કરતાં છ ડિગ્રી વધુ, દિવમાં પાંચ ડિગ્રી વધુ જ્યારે મહુવા અને પોરબંદરમાં સામાન્ય કરતાં ચાર ડિગ્રી વધારે મહત્તમ તાપમાન નોંધાયું છે. આ સમયગાળામાં લઘુત્તમ તાપમાન પણ 21 થી 28 ડિગ્રી નોંધાયું હતું.

# CENTRE INFLUENZA

કેન્દ્ર સરકાર ઉનાળાની ઋતુમાં સામાન્ય રીતે નોંધાતાઅને શ્વસનતંત્રને અસર કરતાં ઇન્ફ્લુએન્ઝા એચ-1 એન-1 વાયરસના સંભવિત રોગચાળા અંગે બધા જ રાજ્યોમાં તકેદારી રાખી રહી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે રાજ્ય સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશના આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે આ અંગે સમીક્ષા બેઠક પણ યોજી છે.

ઉલ્લેખનીય છે કે આ રોગમાં શ્વસનતંત્રને સીધી અસર થતીહોય છે. તાજેતરમાં અમેરિકામાં કેટલાક સ્થળોએ એવીએશન ઇન્ફ્લુએન્ઝાના કારણે પશુઓ અને દૂધમાં અસર દેખાઇ હોવાથી કેન્દ્ર સરકારે પૂર્વ તકેદારીના ભાગરૂપે રાજ્યોના આરોગ્ય વિભાગ સાથે બેઠક યોજી છે.